# થોરિયું લેલું (Common Babbler)

## પંખીલોક

★ પ્રવીણ સરવૈયા



દુનિયાભરમાં વધતાં જતાં પ્રદૂષણને લીધે પક્ષીઓની જાતિ પર ખતરો ઊભો થયો છે. હવા, પાણી અને જમીનના પ્રદૂષણને કારણે દેશમાં અત્યારે સિત્તેરથી વધુ જાતનાં પક્ષીઓનું અસ્તિત્વ જોખમમાં છે. સૌરાષ્ટ્રમાં ચિલોત્રો, ઘોરાડ, ટિલોર, ગીધ જેવાં પક્ષીઓ ઘણાં ઓછાં કે ગાયબ થઈ ગયાં છે. આ બાબત સૂચવે છે કે આપણે આપણા પ્રદેશની પ્રાકૃતિક ગરિમા હવે ગુમાવતા જઈએ છીએ. કેટલાંક સુંદર અને ઉપયોગી પક્ષીઓને આપણી આવતી પેઢી કદાચ નહીં જોઈ શકે. આ બાબતની ચિંતા બહુ ઓછા લોકોને છે.

પહેલાં ગામડાંનાં ખુલ્લાં ઘરોની આગળના ઝાડ પર લેલાનું ટોળું આવીને દેકારો મચાવી મૂકતું. એવો કલબલાટ કરી મૂકતું કે તમને રીતસર કંટાળો આવે પણ અત્યારે લેલાંનાં ટોળાં નથી દેખાતાં. લેલું આપણું સર્વસામાન્ય પક્ષી છે. વાડી, બાગબગીચા, ઘરની આસપાસ કે વગડામાં તે જોવા મળે છે.

લેલાંની ઘણી જાતો છે, જેમાં; થોરિયું લેલું (Common Babbler) અને પીળી આંખ લેલું (Yello-eyed Babbler) સમગ્ર ગુજરાતમાં, મોટું લેલું (Large Grey Babbler) અને વન લેલું (Jungle Babbler) કચ્છ સિવાય સમગ્ર ગુજરાતમાં, ફુત્કી લલેડી (Tawny-bellied Babbler) સૌરાષ્ટ્રના ગીર પ્રદેશ તેમજ ઉત્તરથી દક્ષિણના પૂર્વ પટ્ટામાં, ટપકીલી લલેડી (Puff-throated Babbler) અને વાંકીચાંચ લેલું (Indian Scimitar Babbler) રેર રેસિડેન્ટ તરીકે ગુજરાતના પૂર્વ કાંઠાના અમુક જિલ્લાની પાતળી હદમાં નોંધાયેલ છે. તેમ જ લેલાંની અન્ય એક જાત રેખાળી લલેડી (Striated Babbler) પક્ષી નિરીક્ષકોને કચ્છની પાકિસ્તાન બોર્ડર અને મધ્ય ગુજરાતમાં જોવા મળેલ છે.

આમ કુલ મળીને લેલાંની આઠેક જાત આપણે ત્યાં નોંધાયેલ છે. જે આપણી પંખી સમૃદ્ધિ દર્શાવે છે.

થોરિયું લેલું 'કૉમન બેબ્લર' કહેવાય છે. તે મોટાં (રાખોડી) લેલા કરતાં થોડું નાનું છે. મોટું લેલું લગભગ એકાદ ફૂટની લંબાઈ ધરાવે છે. આપણે અહીં થોરિયાં લેલાનો પરિચય મેળવીએ.

થોરિયું લેલું છે આમ તો બુલબુલના કદનું અને પાતળું પણ તેની લાંબી પૂંછડીના કારણે તે દસેક ઈંચ જેટલું કદ ધરાવે છે. ઉપરના ભાગે તે મટોડિયા ભૂખરા રંગનું છે અને તેમાં ઘેરી રેખાઓ ધરાવે છે. તેની પૂંછડી લાંબી, ચડઊતર પીંછાવાળી અને તેના પર આડીઅવળી રેખાઓવાળી છે. તેની આંખ કાળી છે. ગળાનો ભાગ સફેદ અને ચાંચ તથા પગ ઝાંખા પીળાશ પડતાં રંગનાં છે. તેમ જ આખા શરીરે ક્યાંક ઘેરો અને ક્યાંક આછો એવો લાલાશ પડતો બદામી રંગ ધરાવે છે.



લેલાં કોઈ બહુ પ્રખ્યાત ગાયક પંખી નથી પણ ઊડતી વેળાએ તે 'ટરટર' એવો સિસોટી જેવો મધુર અવાજ કાઢે છે. તેમ જ સાપ, બિલાડી કે નોળિયા જેવા જીવને તે જોઈ જાય ત્યારે 'વિચ વિચ વિચ' જેવો મીઠો અવાજ કાઢવાની લાક્ષણિક્તા ધરાવે છે. ઉપરાંત તેઓ કર્કશ અવાજે સતત બોલ્યા જ કરે છે

થોરિયાં લેલાં પાંચ-સાતની ટોળીમાં રહે છે. તે વાડામાં, કાંટાળી ઝાડી નીચે જમીન પર જીવાત અને ઈયળો શોધતાં ફરે છે. તે ધરતી પર આમ તેમ છુપાતાં, ભટકતાં હોય છે અને સૂકાં પાંદડાંમાંથી જીવડાં શોધતાં ફર્યા કરે છે. તેને ઊડવું ગમતું નથી. ભાગી જવા માટે તેઓ પોતાના પગ પર જ વધુ આધાર રાખે છે. જ્યારે કોઈ ભય જણાય ત્યારે તે ઠેકતાં ઠેકતાં દોટ મૂકે છે અને નબળી ઉડાન સાથે ઝડપથી પાંખો વીંઝીને હવામાં સરકે છે. લેલાં કોઈ બહુ પ્રખ્યાત ગાયક પંખી નથી પણ ઊડતી વેળાએ તે 'ટરટર' એવો સિસોટી જેવો મધુર અવાજ કાઢે છે. તેમ જ સાપ, બિલાડી કે નોળિયા જેવા જીવને તે જોઈ જાય ત્યારે 'વિચ વિચ વિચ' જેવો મીઠો અવાજ કાઢવાની લાક્ષણિક્તા ધરાવે છે. ઉપરાંત તેઓ કર્કશ અવાજે સતત બોલ્યા જ કરે છે. તેઓ ટોળીમાં સંપીને રહે છે પરંતુ પ્રસંગોપાત અંદરોઅંદર કોઈ મતભેદ થાય ત્યારે સામસામે ચાંચ અને પગના નહોરથી પ્રહારો કરે છે પણ આવા ઝઘડા ક્વચિત જ થાય છે. ઝઘડા બાદ તરત રોજિંદો ભાઈચારો સ્થપાઈ જાય છે. જ્યારે બાજ કે બિલાડી કોઈ લેલાને શિકાર બનાવે ત્યારે પકડાયેલું લેલું શિકારીને વળગી પડે છે અને બાકીનાં બધાં લેલાં બાજ કે બિલાડી પર ઘોંઘાટ સાથે હુમલો કરે છે. શિકારી પક્ષી લેલાના આવા આક્રમણથી શિકારને પડતો મૂકીને ભાગી છૂટે છે.

લેલાના ખોરાકમાં જીવડાં અને અપક્વ કીટકો તેમ જ નાનાં ફળો, બી તથા દાણાનો સમાવેશ થાય છે. તે ફૂલોનો રસ પણ ચૂસે છે. થોરની વાડમાંથી તે ખોરાક શોધે છે.

તે ચૈત્રથી આસો માસ સુધીમાં માળો કરે છે. માળા માટે દેશી બાવળ કે કાંટાળા છોડ વધુ પસંદ કરે છે.

માળો સ્વચ્છ, સુઘડ નાનકડા કપ જેવો હોય છે. માળો બનાવવા ઘાસ અને વનસ્પતિનાં મૂળનો ઉપયોગ કરેલો હોય છે. માળો જમીનથી બે અઢી મીટર ઊંચો હોય છે. માદા ત્રણથી ચાર ચળકતાં આસમાની રંગનાં ઈંડાં મૂકે છે. ચાતક અને બપૈયા પણ લેલાના માળામાં ઈંડાં મૂકી જાય છે. તેમનાં ઈંડાં પણ લેલાનાં ઈંડાંને મળતાં આવે છે.

લેલાં જેવાં પંખીઓ આપણાં વ્યાપક અને જાણીતાં તથા માણસોથી ટેવાયેલાં પંખીઓ છે પણ હવે તો થોરની વાડ શોધી મળતી નથી અને તેનું નિકંદન નીકળતું જાય છે. ત્યારે આવી વાડો અને તેના પર નભતાં પરિસરનું રક્ષણ કરવું એ આપણી ફરજ છે.

# દુનિયાનો સૌથી મોટો દેશ કયો છે?

દુનિયાના નકશા પર નજર કરીએ તો દરેક દેશનું કદ અલગ હોય છે. પણ જ્યારે વાત આવે ક્ષેત્રફળની, ત્યારે ઘણા દેશો પાછળ રહી જાય છે. આવા દેશો માત્ર ભૂગોળ જ નહીં, પણ રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક રીતે પણ વિશ્વ પર પ્રભાવ છોડી રહ્યા છે. તો ચાલો જાણીએ કે આખરે દુનિયાનો સૌથી મોટો દેશ કયો છે અને બીજા ક્રમ પર કોણ છે.

વિશ્વના નકશા પર વિવિધ કદ અને વસ્તીવાળા દેશો અસ્તિત્વ ધરાવે છે, પરંતુ જ્યારે વિસ્તારની વાત આવે છે, ત્યારે કેટલાક દેશો ઘણા આગળ છે. દુનિયામાં 195થી વધુ દેશો છે. સમય જતાં, ઘણા મોટા દેશો નાના ભાગોમાં વિભાજિત થયા છે, જ્યારે ઘણા નાના દેશો ભેગા થઈને એક મોટું રાષ્ટ્ર બન્યા છે. પરંતુ લોકોના મનમાં વારંવાર એક પ્રશ્ન આવે છે કે વિશ્વનો સૌથી મોટો દેશ કયો છે?

રિસર્ચ દ્વારા જાણવા મળ્યું કે મોટા દેશોમાં નાના દેશો કરતાં વધુ ભૌગોલિક, આબોહવા અને જૈવિક વિવિધતા હોય છે. પરંતુ કદની દૃષ્ટિએ વિશ્વનો સૌથી મોટો દેશ કયો છે તે જાણવું રસપ્રદ છે.

ક્ષેત્રફળની દૃષ્ટિએ વિશ્વનો સૌથી મોટો દેશ રશિયા છે. ઐતિહાસિક રીતે તે સોવિયેત યુનિયન (USSR) તરીકે ઓળખાતું હતું. તેના વિભાજન પછી રશિયા એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે અસ્તિત્વમાં આવ્યું, પરંતુ તેમ છતાં તેનો વિસ્તાર એટલો



વિશાળ છે કે તે પૃથ્વીના મોટા ભાગમાં ફેલાયેલો છે. એટલે કે વિશ્વના ત્રીજા ભાગના પ્રદેશને આવરી લે છે. રશિયા યુરોપના સૌથી મોટા દેશોમાંનો એક છે અને એશિયા સાથે પણ જોડાયેલ છે. તેની વ્યૂહાત્મક સ્થિતિ અને ભૌગોલિક ફેલાવો તેને મહાસત્તા તરીકે સ્થાપિત કરે છે.

આ દેશ કુદરતી સંસાધનોથી સમૃદ્ધ છે, ખાસ કરીને તે તેલ અને ગેસ ભંડાર માટે જાણીતો છે. રશિયા હજુ પણ પૂર્વીય યુરોપ અને ઉત્તર એશિયાના વિશાળ પ્રદેશ પર નિયંત્રણ રાખે છે. તેનો કુલ વિસ્તાર આશરે 17.098 મિલિયન ચોરસ કિલોમીટર છે, જે પૃથ્વીના કુલ ભૂમિ વિસ્તારના લગભગ 11% છે. રશિયા હજુ પણ ઉત્તર એશિયા અને પૂર્વીય યુરોપના મોટા ભાગો પર નિયંત્રણ રાખે છે.

આ દેશ એક વૈશ્વિક મહાસત્તા પણ છે, જેને પડકારવાની હિંમત બહુ ઓછા દેશો કરે છે. જો રશિયા તેલ અને ગેસ સપ્લાય કરવાનું બંધ કરી દે, તો વિશ્વભરના ઘણા દેશો અંધકારમાં ડૂબી જશે, જેના કારણે રસોઈ મુશ્કેલ બનશે. રશિયા યુરોપની મોટાભાગની ગેસ જરૂરિયાતો પૂરી પાડે છે.

આ દેશ ઉત્તર અમેરિકાના ઉત્તર ભાગમાં આવેલો છે. તેનો વિસ્તાર લગભગ 9.984 મિલિયન ચોરસ કિલોમીટર છે, જે ઉત્તર અમેરિકન ખંડના લગભગ 41% અને સમગ્ર પૃથ્વીના ભૂમિ વિસ્તારના 6.7% છે. આ જ કારણ છે કે રશિયા વિશ્વના ઘણા દેશોને ખાસ કરીને યુરોપને ઊર્જા સપ્લાય કરે છે. રશિયા 14 દેશો સાથે સરહદો ધરાવે છે, જે તેને વિશ્વમાં સૌથી વધુ સરહદો ધરાવતા દેશોમાંનો એક બનાવે છે. રશિયા પછી કેનેડા વિશ્વનો બીજો સૌથી મોટો દેશ છે.

કેનેડા કદમાં ખૂબ મોટું હોવા છતાં, તેની વસ્તી પ્રમાણમાં ઓછી છે. પ્રતિ ચોરસ કિલોમીટરમાં ફક્ત 4 લોકો છે. કેનેડાની કુલ વસ્તી લગભગ 35 મિલિયન છે. બીજી ખાસ વાત એ છે કે કેનેડા પાસે દુનિયાનો સૌથી લાંબો દરિયાકિનારો છે, જે લગભગ 202,080 કિલોમીટર સુધી ફેલાયેલો છે. વિશ્વના સૌથી મોટા દેશોની યાદી ફક્ત તેમના વિસ્તારની કહાની જ કહેતી નથી પરંતુ તેમના વ્યૂહાત્મક, આર્થિક અને સાંસ્કૃતિક મહત્વને પણ ઉજાગર કરે છે.